**માનનીય અધ્યક્ષશ્રી,**

આ સન્માનનીય ગૃહમાં મને માનનીય રાજ્યપાલશ્રીના સંબોધન પરની ચર્ચામાં ભાગ લેવાની તક મળી છે ત્યારે હું આ ગૃહ પ્રત્યે મારી આભારની લાગણી વ્યક્ત કરું છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

માનનીય રાજ્યપાલશ્રીના સંબોધન પરની ચર્ચામાં ઉદ્યોગ વિષય પર મને જ્યારે બોલવાનો અવસર મળ્યો છે ત્યારે, મારે કહેવું છે કે જે દેશ ઉદ્યમ અને ઉદ્યોગનું મહત્વ સમજી શક્યા છે, એ દેશ ઝડપી અને ટકાઉ વિકાસ કરી શક્યા છે. ઉદ્યમ અને ઉધોગ જ વિકાસનો પાયો છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

મને કહેતા ગર્વ થાય છે કે દેશનું શાસન જ્યારથી વિકાસપુરુષ એવા આદરણીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબના હાથમાં આવ્યું છે, ત્યારથી એમણે નવા ઉદ્યોગો અને ઉદ્યોગ સાહસિકો ભારતમાં આવે એ માટે સકારાત્મક વાતાવરણ અને જરુરી માળખાકીય સુવિધાઓ સાથે કર રાહતો આપીને ઉદ્યોગોને સ્થિર થવાની તક પૂરી પાડી છે. સ્ટાર્ટ અપ પોલિસી અને

મેક ઈન ઈન્ડિયાના વિઝનથી આજે દેશ ઉદ્યોગોના વિકાસની નવી ઊંચાઈ પર છે એ વાતથી કોઈ અજાણ નથી. હું આ ગૃહના માધ્યમથી આદરણીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબને હાર્દિક અભિનંદન પાઠવું છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાતમાં પણ ઉધ્યોગોને વિકસવા માટે ખૂબ જ અનુકૂળ માહોલ ઊભો કરી આપણાં મક્કમ અને નિર્ણાયક મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબે ઉદ્યોગ પ્રવૃત્તિને પ્રોત્સાહન પૂરું પાડ્યું છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાતની વાત કરું તો તત્કાલિન મુખ્યમંત્રી આદરણીય મોદી સાહેબે ગુજરાતમાં વાઇબ્રન્ટ ગ્લોબલ સમિટની વર્ષ ૨૦૦૩ માં શરૂઆત કરી ઉદ્યોગો અને રોકાણકારોને આકર્ષવા જે પ્રયત્ન કરેલો, એના કારણે આજે ગુજરાત એક દેશ હોય, એ રીતે ધંધા રોજગાર ખેંચી લાવવામાં સફળ રહ્યું છે. તાજેતરમાં જ આપણે **૧૦** મી વાઇબ્રન્ટ સમિટ સફળતાપૂર્વક સંપન્ન કરી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

મને કહેતાં આનંદ થાય છે કે, **૨૦03** થી **૨૦૧૯** ની સમિટ દરમ્યાન કુલ **૧૦૪૮૭૨** પ્રોજેક્ટ માટે એમ.ઓ.યુ. થયાં છે. નવેમ્બર **૨૦૨૩** ની સ્થિતિએ આ બધી સમિટમાં નોંધાયેલ પ્રોજેક્ટ પૈકી **૭૨૦૧૮** પ્રોજેક્ટ ઉત્પાદનમાં ગયેલ છે. અને ૨૩૩૨ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે. જેનો સિદ્ધિ આંક **૭૦.૯૦** ટકા જેટલો છે.

**માનનીય અધ્યક્ષશ્રી**

હાલના બજેટમાં પણ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટેના અનેરા આયોજનનો જે સમાવેશ કરવામાં આવ્યો છે એની ટુંકી ઝલક આપું તો,

* **ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ**ને પ્રોત્સાહન રૂપે **રૂા. ૧૬૦૦ કરોડ** ની જોગવાઇ કરી છે. ત્યારે **વર્ષ ૨૦૧૯** ની ટેક્ષ્ટાઇલ પોલીસીને પણ યાદ કરવી પડે જેમાં વ્યાજ સહાય, પાવર ટેરીફ સહાય તથા ટેક્ષ્ટાઇલ પાર્ક સહાયનો સમાવેશ કરી છેલ્લા પાંચ વર્ષમાં **રૂા. ૮૦૦૦ કરોડ**થી વધુની સહાય ચૂકવીને આ ઉદ્યોગને મોટું પ્રોત્સાહન આપવામાં આવ્યું છે, જેના કારણે ખેડુતોને પણ કપાસના ખૂબજ સારા ભાવો મળવા પામ્યા છે, અને આ જગતના તાત ના ઘરે પણ આ યોજનાઓ એ ખૂશી લહેરાવી છે.

**માનનીય અધ્યક્ષશ્રી**

*** લઘુ ઉદ્યોગ** :

MSME ને પણ આત્મનિર્ભર ગુજરાત નીતિ અંતર્ગત **રૂા. ૧૫૫૦ કરોડ**ની જોગવાઇ કરી છે.

હું પણ બ્રાસ સીટી તરીકે ઓળખાતા જામનગર શહેરમાંથી આવું છું જ્યાં અમારા બ્રાસ ઉદ્યોગનો સમાવેશ MSME માં થાય છે, પરંતુ ખૂશીની વાત એ છે કે, છેલ્લા ઘણાં સમયથી અમારા બ્રાસ ઉદ્યોગના નાના ગણાતા બ્રાસનું રીસાયકલ કરતા ઉદ્યોગો પણ આજે પોતાના IPO બહાર પાડે છે, અને જનતાના મુળી રોકાણથી ખુદને આત્મનિર્ભર બનાવવા સક્ષમ બન્યા છે.

ગુજરાત સરકારની આ પ્રકારની નીતિઓને કારણે ઔદ્યોગીક ક્ષેત્રમાં ગુજરાત ભારતનું **મીની જાપાન** તરીકે ઓળખાવા માંડયું છે.

**માનનીય અધ્યક્ષશ્રી**

*** ઔદ્યોગીક વસાહત :**

ઔદ્યોગીક વસાહતના વિકાસની વાત કરીએ તો ગુજરાતમાં 240 GIDC કાર્યરત છે તથા અનેકો પ્રાઇવેટ એસ્ટેટ પણ દરેક સીટીમાં ડેવલોપ થઇ રહ્યા છે.

આ ઔદ્યોગીક વસાહતોમાં અંદાજીત **૧ લાખ ૫૦ હજાર** થી વધુ એકમો કાર્યરત છે જેમાં **૧ કરોડ** જેટલા લોકોને રોજગાર મળી રહે છે અને **૨૫ લાખ**થી વધુ યુ.પી., બિહાર, ઝારખંડ, મધ્યપ્રદેશ વગેરે જેવા પ્રાંતથી આવેલ કર્મચારીઓને પણ રોજગારી ગુજરાતના ઉદ્યોગો પુરી પાડે છે.

આ ઉદ્યોગોના ગંદા પાણીના નિકાલ અને માળખાકીય સગવડો ઉભી કરવા ડીપ-સી પાઇપલાઇન નાખવા માટે પણ આ બજેટમાં **રૂા. ૪૪૦ કરોડ**ની જોગવાઇથી આપણી સરકારની ઉમદા નીતિ પ્રગટ થાય છે.

તો ટ્રાન્સપોટેશન સરળતાથી થાય એવા ઉદ્દેશથી ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ, રફાળેશ્વર અને અમારા જૂના બેડી પોર્ટના વિકાસ માટે **રૂા. ૧૦૦ કરોડ**ની જોગવાઇ કરી છે.

**માન. અધ્યક્ષશ્રી,**

* આ યોજના થકી ગુજરાત રાજયને અંદાજિત **રૂા. ૩૮,૨૪૯.૮૧ કરોડ** જેટલું મૂડી રોકાણ મળેલ છે.
* આ યોજના હેઠળ **રૂા. ૩,૦૪૦.૧૭ કરોડ**ની સહાય ચૂકવવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાતનો વિકાસ આજે દેશના વિકાસમાં બહુ મોટો ફાળો આપી રહયો છે. રિલાયન્સ અને અદાણી તથા નિરમા જેવા મોટા ગુજરાતી ઉદ્યોગગૃહો આજે દેશમાં ડંકો વગાડી રહ્યા છે. રોજગારની વિપુલ શક્યતાઓ અને ગુણવત્તાયુક્ત ઉત્પાદનોએ વિશ્વમાં ગુજરાતની શાખ વધારી છે. જે આપણા સૌ માટે ગર્વની બાબત છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

માનનીય રાજ્યપાલશ્રી દ્વારા ગૃહમાં જે સંબોધન થયું એ આપણા સૌ માટે પ્રેરણાદાયક બની રહેવાનું છે ત્યારે હું આ સંબોધનને સમગ્ર ગુજરાત રાજ્યની પ્રજા વતી આવકારું છું અને હાર્દિક અનુમોદન આપું છું.

**જય જય ગરવી ગુજરાત**